ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૧૧-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### રાષ્ટ્રીય સ્વાભિમાનના પ્રતીકનો કરૂણ અંત

બબ્બે મોટા યુદ્ધોમાં ભારતીય સૈન્યના વિજયની સહભાગી અને પ્રતીક બની રહેલ યુદ્ધ નૌકા - વિમાનવાહક યુદ્ધજહાજ આઇએનએસ વિક્રાંત એના અસ્તિત્વની અંતિમ ક્ષણોની સાક્ષી બની રહ્યું છે. 'હરક્યુલિસ' નામે ઓળખાતું આ વિશાળ વિમાનવાહક યુદ્ધ પોત ૧૯૬૧માં ભારતીય નૌસેનામાં જોડાયા પછી એનું નવું નામકરણ કરાયું હતું - 'આઇએનએસ વિક્રાંત' - આ યુદ્ધ જહાજ ૧૯૬૫ થી ૧૯૭૧નાં પાકિસ્તાન સામેનાં યુદ્ધો દરમિયાન ભારતીય સેનાના બબ્બે ભવ્ય વિજયનું સાક્ષી રહ્યું છે. દુનિયાના પાંચ જ દેશો પાસે આવા વિમાનવાહક જહાજ છે. ૧૯૭૧ના ઐતિહાસિક વિજયમાં સૌથી અગત્યનો રોલ આ યુદ્ધ જહાજનો હતો. એની એક્સાપાઇરી ડેટ આવી જતાં ૧૯૯૭માં એનું શું કરવું તે પ્રશ્ન ઉપસ્થિત થયો. ગેટ વે ઓફ ઇન્ડિયા પાસેના સમુદ્રમાં લંગર નાખીને એને પ્રદર્શન માટે મૂકવામાં આવ્યું. એને મ્યુઝિયમમાં ફેરવી નાખવાની દરખાસ્તો આવતી રહી પરંતુ બ્યુરોક્રસીને એની જાળવણી એ ધોળો હાથી પાળવા જેવું લાગ્યું. ૧૯૯૯માં એને તોડી નાખવાનું નક્કી કરાયું ત્યારે બાળા સાહેબ ઠાકરે એની વહારે ધાયા. પરંતુ પછીનાં વર્ષોમાં એણે બચાવનારું કોઇ ન રહ્યું. નૌસેના ઘણું ઇચ્છતી હોય કે ઐતિહાસિક વિજયના આવા પ્રતીકને ગમે તેટલો ખર્ચ કરીને પણ સાચવવું જ રહ્યું, તેથી નૌસેનાએ પોતે થોડાં વરસ એને સાચવ્યું, પરંતુ આખરે બ્યુરોક્રસીનો નિર્ણય જ હાવી થયો. કોઇ દેશભક્તે કરેલી રીટ હાઇકોર્ટે કાઢી નાખી તે પછી આઇએનએસ વિક્રાંતનું ભાવિ પૂરું થઇ ગયું. આખરે એક ખાનગી પાર્ટીએ એનો ફક્ત ૬૦ કરોડમાં સોદો કરી દીધો અને હવે એ ભવ્ય અને ભાતીગળ ઇતિહાસને ટુકડે ટુકડે કપાતું જોવાના દિવસો આવ્યા છે. ભારત જેવા દેશ પોતાના વિજયના પ્રતીક સમી પ્રેરણાના સ્રોત સમી યુદ્ધનૌકાને આ રીતે ભંગારમાં વેચવા તૈયાર થાય છે ત્યારે કોઇ પણ સંવેદનશીલ નાગરિકની આંખ ભીની થશે. અમેરિકા અને યુરોપમાં આવાં યુદ્ધ જહાજોને ભાવિ પેઢીની પ્રેરક સ્મૃતિ તરીકે કરોડોના ખર્ચે જાળવી રાખવામાં આવે છે. સવાલ સંવેદનાનો અને સમજણનો છે. આ યુદ્ધ જહાજને મ્યુઝિયમમાં ફેરવવાનો અંદાજિત ખર્ચ એક હજાર કરોડ અંકાયો હતો. આવડી મોટી આર્થિક સત્તા માટે આ બહુ મોટી રકમ ન જ કહેવાય. લાખો કરોડનાં કૌભાંડો થતાં રહે છે અને છતાં આપણો વાળ વાંકો થતો નથી, બ્યુરોક્રસી અને રાજકારણીઓનાં પેટનું પાણી હાલતું નથી. પરંતુ રાષ્ટ્રના સ્વાભિમાનના પ્રતીકની જાળવણી પાછળ એક હજાર કરોડનો ખર્ચ કરવો પડે તે એમને મોંઘો પડે છે. રિલાયન્સ કે ટાટા-બિરલાની ભાગીદારીમાં આ સ્વાભિમાનના પ્રતીકની જાળવણીનો પ્રોજેક્ટ હાથ ધરી શકાયો હોત. ખરેખર દેશ માટે આ ખૂબ જ દુખદ અને શરમજનક ઘટના છે. સેનાના નિવૃત્ત જનરલો પેટછૂટી વાત કરતાં કબૂલે છે કે બ્યુરોક્રસી અને રાજકારણીઓ સેનાને મહત્ત્વ આપવાનાં વિરોધી છે. તેઓ એમ માને છે કે સેનાને વધુ પડતું મહત્ત્વ આપવાથી એ કયારેક બળવો કરવાનો વિચાર પણ કરી શકે! એટલે એમને વહીવટથી દૂર રાખી ફક્ત શહીદી માટે જ તૈયાર રાખવાની મનોવૃત્તિ હાવી થઇ ગઇ છે. દેશ માટે આથી મોટી શરમની વાત કઇ હોઇ શકે ? મહારાષ્ટ્ર સરકારે આઇએનએસ વિક્રાંતની જવાબદારી સ્વીકારવાની ના પાડી હોય તો કેન્દ્ર સરકારે આગળ આવવું જોઇએ હતું. એવું કશું જ થયું નહીં. વડાપ્રધાન દેશભક્તિની મોટી મોટી વાતો જરૂર કરતા રહે છે અને વિદેશપ્રવાસો પાછળ કરોડોના ધુમાડા પણ કરે છે, પરંતુ આઇએનએસ વિક્રાંત પાછળ જેવા યુદ્ધપોતને સાચવી લેવાનું એમને પણ સૂઝ્યું નહી, તે કેવી વિડંબના છે!



### પત્રકારત્વના વિદ્યાર્થીઓ અધિક કલેકટરને મળ્યા

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયસંચાલિત પત્રકારત્વ વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસક્રમ અને વ્યવહારુ ક્ષેત્રમાં જાણકારીના ભાગરૂપે અધિક કલેકટર રમેશ મેરજા સાથે સ્ટેમ્પ ભવન ખાતે વાર્તાલાપ યોજયો હતો. જેમાં તેમણે પત્રકારત્વના જીવનમાં સરકાર અને સામૂહિક સંચારની મહત્વપૂર્ણ ભૂમિકા અને તેની અસરની ચર્ચા કરી હતી. (તસવીર : સમીર રામી)

## જીઆઈપીએસના વિદ્યાર્થીઓએ મૂકબધિર બાળકો સાથે દિવસ પસાર કર્યો

ગાંધીનગર, તા. ૨૬

જીવનમાં સત્સંગ, સૂરજભાવ, સમજણ અને સેવા જેવા મૂલ્યો જ સત્કર્મ છે. સતકર્મ એ પરમાત્મા તરફનો પથ છે. માણસના જીવનમાં પ્રથમ ચાર મૂલ્યો તો વ્યક્તિગત છે. પણ સેવા કરવી એ તો મહાન મૂલ્ય છે. મોટી સેવા કરવાથી ફળ નાનુ મળે છે. નાની સેવા કરવાથી ફળ ઊંચુ મળે છે. આવી જ નાની સેવા કરવાનું સત્કર્મ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સૂકલ દ્વારા ધોરણ-૪,૫,૬ ના બાળકોને સાથે રાખીને મુક બદિર અને અંધશાળાના કુદરતના ખોળે રહેતા બાળકો પ્રત્યે કરવામાં આવી. નિરાધાર અને હુંફ વગરના લાચાર બાળકોને ફ્રુટ્સ, વેફર, બિસ્કીટ વગેરે આપીને પરમ આનંદ મેળવ્યો હતો. મુકબાધિર અને અંધ બાળકોને ખુશી અને આનંદ આપવાનો લાહવો જીઆઈપીએસના બાળકોએ કર્યો.

રમત ગમત, વાર્તા તેમજ તેમની પાસે બેસી જે હુંફ આપી તેનાથી બાળકોની એકલતા દૂર થઈ જીવન જીવવાની દઢતા મજબૂત બની હતી. આજે શાળાના ધોરણ-૧૧-૧૨ અને સીઆઈઈ ના સમજણ અને બુદ્ધિવાન બાળકોએ પેથાપુરની કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ 'મા-બાપને ભુલશો નહિ' તે ઉક્તિ યાદ આવી ગઈ તો આંખો ભીંજાઈ ગઈ હતી. જીવનમાં મા-બાપ વગર જીવવું બેકાર છે તેવો બોધ મેળવ્યો હતો. શાળાના આ બાળકોએ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધા પછી જીવન જીવવાની નૈતિકતા શું છે તેનો ખરેખર લાગમી અને દુઃખભર્યો અનુભવ કર્યો હતો. દરેકને શિયાળામાં સવારની જરૂરીયાત પુરી થાય તેવા સાધનોની કીટ બનાવી અર્પણ કરી તેમના દુઃખમાં સહભાગી થયા હતા.

## વિજ્ઞાન પ્રવાહમાં પ્રાયોગિક પરીક્ષાનુ હવે નિરીક્ષણ થશે

### શિક્ષણ બોર્ડ દ્વારા દરેક શાળાને પરિપત્ર પાઠવી પ્રાયોગિક પરીક્ષાના નવા નિયમોનો ચુસ્તપણે પાલન કરવા આદેશ

અમદાવાદ,તા. ૨૬

રાજ્યની વિવિધ વિજ્ઞાન પ્રવાહની શાળઓ યોજાતી પ્રાયોગિક પરીક્ષાઓનું કામ યોગ્ય રીતે થતું ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે હવે શિક્ષણ બોર્ડ દ્વારા દરેક શાળાઓને પરિપત્ર પાઠવી પ્રાયોગિક પરીક્ષાઓના તમામ નિયમોનો ચુસ્તપણે અમલ કરવા માટે તાકીદ કરાઈ છે તેમજ નિયમોનું પાલન થાય છે કે નહીં તે જાણવા બોર્ડ દ્વારા શાળાઓનું મોનિટરિંગ કરવાનું નક્કી કરાયું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવે છે. જો કે, વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા લેવાનું કામ શાળાઓને સોંપવામાં આવે છે. જો કે, આ પ્રાયોગિક પરીક્ષાનું કાર્ય વ્યવસ્થિત ન થતું હોવાની રજૂઆતો શિક્ષણ બોર્ડને મળી છે જેમાં મુખ્યત્વે શાળાઓ પાસે જરૂરી લેબોરેટરી ન હોવી, અપુરતી સુવિધાઓ, પ્રાયોગિક કાર્ય ન કરાવવું, પરીક્ષા લીધા વિના માર્ક્સ મુકવા અને પક્ષપાત પૂર્વક ઓછા વધારે ગુણ મુકવાની ફરિયાદોનો સમાવેશ થાય છે ત્યારે આ ગંભીર બેદરકારી સામે લાખ આંખ કરીને શિક્ષણ બોર્ડ દ્વારા દરેક શાળાઓને પરિપત્ર પાઠવવામાં આવ્યા છે જેમાં દરેક વિજ્ઞાન પ્રવાહની શાળાને પોતાના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા ફરજિયાત શિક્ષણ બોર્ડે નક્કી કરેલ સમય એટલે કે ૨૩-૦૨-૨૦૧૫થી ૨૮-૦૨-૨૦૧૫ દરમિયાન જ લેવાની રહેશે. આ સમય કરતા વહેલુ કે મોડુ પરીક્ષાનું આયોજન કરનાર શાળાઓને દંડ ફટકારવામાં આવશે. આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહને પ્રત્યેક શાળાએ લેબોરેટરીની સુવિધા યોગ્ય છે કે નહીં તેમજ બોર્ડના સમયપત્રક મુજબ પ્રાયોગિક કાર્ય નિયમિત કરવામાં આવે છે કે નહીં તેની વિગતો ૨૦મી જાન્યુઆરી ૨૦૧૫ સુધી શિક્ષણ બોર્ડને મોકલી આપવાની રહેશે. આ ઉપરાંત દરેક જિલ્લાશિક્ષણાધિકારીઓને તેમના જિલ્લાની વિજ્ઞાન પ્રવાહની શાળાઓની આકસ્મિક ચકાસણી કરવા ખામી જણાય તો બોર્ડને રિપોર્ટ કરવા જણાવાયું છે. આ કાર્ય માટે જિલ્લાશિક્ષણાધિકારીઓ ડાયટના આચાર્ય અને પ્રાધ્યાપકોની પણ મદદ લેવાઈ શકશે.

## આજે 'ગાંધી જીવન દર્શન' વિશે વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર છેલ્લા બે વર્ષોથી ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપનું આયોજન કરતું આવ્યું છે તેમજ શહેરની માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓને 'સત્યના પ્રયોગો' ગાંધીજીની આત્મકથાનું પુસ્તક ભેટમાં આપે છે.

આજ સુધી અગિયાર શાળાઓનાં ૨૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને ગાંધીજીની આત્મકથા પુસ્તકો ભેટમાં આપવામાં આવ્યા છે. તા. ૨૭-૧૧-૨૦૧૪ને ગુરુવારે સાંજે ૪-૦૦ કલાકે એમ.બી. પટેલ માધ્યમિક શાળા, વાવોલમાં ભાનુપ્રસાદ પુરાણી, સંયોજક, ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગર દ્વારા ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપ કરશે. તેમજ વિદ્યાર્થીઓને સત્યના પ્રયોગો ગાંધીજીની આત્મકથા (સંક્ષિપ્ત) ભેટ આપવામાં આવશે. ગાંધી મિત્રોને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે.

## બહેરા મુંગા શાળાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૬

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગરની બહેનોએ અમદાવાદ વસ્ત્રાપુરમાં આવેલ અંધજન મંડળની મુલાકાત લીધી હતી. શાળાના મુક બધિર અને પ્રજ્ઞાચક્ષુ બાળકો દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી લાઈટ ફીટીંગ, વેલ્ડીંગ, સિલાઈ, પ્રિન્ટીંગ, સુથારીકામ જેવી પ્રવૃત્તિ જોઈને અભિભૂત થઈ ગયા હતા, તેમજ સંસ્થાની બહેનોનો આત્મવિશ્વાસ વધાર્યો હતો. તેમજ બ્રહ્મસમાજ મહિલા પાંખે ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમજી બહેરા મુંગા સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોને બૂટ-મોજા આપવામાં આવ્યા હતા.

## હરિની દષ્ટિ...




બહેન, જરાય ગભરાશો નહી, પેશન્ટ બહુ બોલ બોલ કરે છે એટલે ઇબોલા થયું હોય તેવું સાબીત ન થાય...!!

## સાહિત્ય ગૌરવ અને ગૌરવ પુરસ્કાર રાજ્યપાલશ્રીના હસ્તે એનાયત કરાશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે ૨૭ નવેમ્બરે રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલીના હસ્તે ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે સાંજે ૫.૦૦ કલાકે સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને ગૌરવ પુરસ્કાર એનાયત કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી ખાસ ઉપસ્થિત રહેશે.

પુરસ્કાર એનાયત કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અપાતો સાહિત્ય ગૌરવ પુરસ્કાર વર્ષ-૨૦૧૩ માટે ગુજરાતી ભાષાના જાણીતા કવિ-સર્જક શ્રી સિતાંશુ યશચંદ્રને તથા વર્ષ-૨૦૧૪ માટે જાણીતા સર્જક, વિવેચક શ્રી સુમન શાહને તથા હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા હિન્દી ભાષા સાહિત્યમાં શ્રેષ્ઠ પ્રદાન બદલ વર્ષ-૨૦૦૮ માટેનો ગૌરવ પુરસ્કાર જાણીતા કવિ સર્જક શ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતાને અપાશે. આ પુરસ્કાર એનાયત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરના મહામાત્રની યાદીમાં જણાવાયુંછે.

## માનગઢમાં ૨૦ કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદોના ત્રિભેટે મહીસાગરના કિનારે આવેલ શહિદોના ધામ માનગઢ ખાતે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા ૬ઠ્ઠી ડિસેમ્બરે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાયજ્ઞ દરમ્યાન ૨૪૦૦ યુવા ચિંતન ગોષ્ઠિ અને વિરાટ શોભાયાત્રા જેવા કાર્યક્રમો પણ યોજાશે. આ પ્રસંગે હરિદ્વારના શાંતિકુંજ ખાતેથી ગાયત્રી પરિવારના વરિષ્ઠ મનિષી વિરેશ્વર ઉપાધ્યાય ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમમાં સંતરામપુરની ગાયત્રી શક્તિ પીઠ દ્વારા માનગઢના ઐતિહાસિક વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવાનો ભવ્ય મસારોહ પણ યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે માનગઢમાં ભારત દેશની આઝાદીની હાકલ સર કરવા ગુરૂ ગોવિંદસિંહના નેજા હેઠળ હજારો આદિવાસી વીર શહીદોએ અંગ્રેજોએ આચરેલા હત્યાકાંડમાં શહીદી વ્હોરી હતી.




ખેલમહાકુંભ અંતર્ગત યોજાયેલ હોકી ટૂર્નામેન્ટમાં સેક્ટર-૭ સ્થિત વહાણવટી વિદ્યાલયનો વિદ્યાર્થી ઝળક્યો છે. ખેલ-મહાકુંભમાં અંડર-૧૬ હોકી ટૂર્નામેન્ટમાં વહાણવટી વિદ્યાલયના વિદ્યાર્થી જયેશ મકવાણાએ ભાગ લીધો હતો. ત્યારે હોકી ટીમ રાજ્યકક્ષાએ વિજેતા બનવા પામી છે. શાળા પરિવારે વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા. તસવીરમાં ભાગ લીધેલ વિદ્યાર્થી અને શિક્ષકગણ દશ્યમાન થાય છે.

# ઘરમાં દીકરીનો મૃતદેહ પડયો હતો... અને મા ખડખડાટ હસતી હતી... એક અત્યંત કરૂણ સત્યઘટના...

### સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

સુખની અપેક્ષામાં ભાગદોડ કરતો માનવી સામાન્ય સુખ પણ મેળવી ન શકે ત્યારે તેને જીંદગી જીવવામાં કંઇ રસ રહેતો નથી. ઢસરડા કરીને આયખુ પુરુ કરે છે, કયાં તો જીંદગીની હતાશ બની ભાગ્યના ભરોસે પરિવારને છોડી દે છે. કેટલાક તો જન્મજાત દુખિયા હોય છે, ડીલીવરીથી શરૂ થયેલું દુઃખ સ્મશાનમાં પણ કેડો મુકતુ નથી એવા જન્મના દુખિયારા એક પરિવારની સત્યઘટના રૂંવાડા ખડા કરી દે તેવી છે. પાત્રોના નામ બદલી આ પરિવારની કથા અત્રે પ્રસ્તુત છે.

એક બ્રાહ્મણ પરિવારમાં બે જોડીયા દીકરા અને એક દીકરી મળી પાંચ જણનું કુટુંબ હતું. પિતા વાસુદેવ મીલમાં નોકરી કરતા. સુખેદુખે ઘરનું ગાડું ગબડાવ્યે જતા. પણ કેટલાક એવા કમભાગી હોય છે કે આપત્તિ તેમનો કેડો જ મૂકતી નથી. વાસુદેવના બે દીકરા એક સામાન્ય બિમારીમાં મૃત્યુ પામ્યા. અને એવામાં જ તેઓ જે મીલમાં નોકરી કરતા હતા તે મીલ બંધ પડી. ઘરની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ બનવા લાગી. કયારેક તો એક ટંક ચા અને રોટલો ખાઇ ચલાવી લેવું પડતું. પણ આવું ય કેટલો સમય ચાલે? છેવટે તેમણે ગોરપદું ચાલુ કર્યું. કોઈને ત્યાં સત્યનારાયણની કથા તો કોઈને મુહુર્ત જોઇ આપી માંડ માંડ ગુજારો કરી લેતા. આપત્તિમાં સપડાયેલો માનવી કયાંક ને કયાંક સુખની તલાશ કરતો રહે છે. કયાં તો ગમ ને ભુલવા કોશિશ કરતો રહે છે. વાસુદેવ તમાકુની પડીકી ખાઇ શરીરને ટકાવવા કોશિશ કરવા લાગ્યા. કયાંક થોડા નાણાં મળી જાય તો ભુખ ન વેઠાતા પોતે એકલા હળવો નાસ્તો કરી પેટનો ખાડો પુરી લેતા. હવે તેમને ઘરની કોઈ ચિંતા રહી નહોતી. છેવટે પત્ની જાનકીએ ટીફીન સેવા શરૂ કરી, પેઈન ગેસ્ટ રાખી આવક ઊભી કરવા પ્રયત્નો શરૂ કર્યા. છતાં એક બાઇ માણસ જીંદગી સામે કેટલી ઝીંક લઇ શકે? અને એ પણ કાયમની દુખિયારી બાઇ... હવે દીકરી પણ ઉંમરલાયક થવા માંડી હતી. ગરીબ દીકરીનો હાથ કોણ પકડશે એની ચિંતામાં માતાની માનસિક હાલત બગડવા લાગી. સતત ટેન્શન, કયારેક પતિની મારઝૂડ, કયારેક તે શૂન્યમનસ્ક બની વિચારોમાં ખોવાઇ જતી. ખુબ વિચારોમાં કયારેક તે એકલી એકલી રડી પડતી... અને કુટુંબે એને પાગલ સમજી એકની એક દીકરી સાથે પિયર મોકલી દીધી. દીકરી ગાયત્રીને ભણવું હતું પણ જીંદગીમાં અંધકાર સિવાય કંઇ દેખાતું ન હતું છેવટે ૨૦ વર્ષે એક સામાન્ય પરિવારમાં તેના લગ્ન કરી દેવાયા. મુરતિયો સામાન્ય મજુરી કરી ઘર સંભાળતો. પણ બિલકુલ નિર્વ્યસની. ગાયત્રીને લાગ્યું જીંદગીમાં કંઈક આશાનો સુરજ ઉગશે. પણ જેનું નસીબ વાંકુ તેના દરેક પાસા અવળા જ પડ્યા હોય છે. તેનો પતિ પણ ધીમે ધીમે વ્યસની બનતો ગયો. મિત્રોની સોબતે કયારેક છાંટો પાણી કરીને ઘરે આવતો. ત્યારે ગાયત્રીનું કાળજું વિંધાતુ... બચપણથી સંઘર્ષ કરતી ગાયત્રી સામે હજુ ઝાંઝવાના જળ જ પીવાના હતા. પણ છતાં તે મક્કમ બની. પતિની આદત સુધારવા તેણે ઘણી કાકલુદી કરવા માંડી પણ પછી તો પતિમાં જાણે મર્દાનગી જાગી, હવે તેણેય ઘરમાં પૈસો આપવાનું બંધ કર્યું. બસ હરવું ફરવું અને એશઆરામ. કોઈવાર ગાયત્રીને ખુશ કરવા દાંપત્યજીવન માણી લેતો... એ સિવાય પત્નીની કોઇ પરવા નહિ... અને ગાયત્રી ગર્ભવતી બની. તેને આશા બંધાઇ. સુખના દિવસો કયારેક તો આવશે, અને સમયાંતરે તેને ત્યાં એક દીકરાનો જન્મ થયો. ગાયત્રીની ખુશીનો પાર ન હતો. દીકરો કાલે મોટો થશે અને સુખના દા'ડા આવશે. દીકરો પણ હવે મોટો થવા લાગ્યો. કોઇના ઘરકામ કરીને કે મજુરી કરીને ગાયત્રી ઘરને નભાવી લેતી. નપાવટ પતીની પત્ની કરે પણ શું? હવે તો ખાલી પેટનો ખાડો પુરવાની વાત ન હોતી, દીકરાને ભણાવવાની પણ ચિંતા તેને કોરી ખાવા લાગી. મારા દીકરાની જીંદગી રોળાઇ જશે. તેને કેમ કરીને મોટો કરીશ? કયારેક ઘરના ખુણે આંસુના ઘુંટ પી લેતી. આ સિવાય તરસ છુપાવવાનો બીજો કોઇ રસ્તો એની પાસે બચ્યો ન હતો.

અને એક દિવસ આખા દિવસની થાકેલી, ભૂખથી ભાંગી પડેલી ગાયત્રી માનસિક અજંપો વેઠતી પલંગમાં સુતા સુતા ભવિષ્યની ભયાનકતાનો વિચાર કરી રહી હતી, ત્યાં જ પતિદેવનું આગમન થયું. પતિએ આવતાવેંત ગરમાગરમ ભજીયા બનાવવાની ફરમાઈશ કરી. ગાયત્રીએ કહ્યું, ઘરમાં તેલનું ટીપુયં નથી. ચણાનો લોટ લાવવા પૈસા નથી અને પતિનો ગુસ્સામાં અપશબ્દો બોલી ગાયત્રીને બે તમાચા લગાવી દીધા. નબળો ધણી પાવર બતાવે પણ કયાં? ગાયત્રીની આંખો ચુવા લાગી, આંસુ તો કયાં બચ્યા હતા? પણ આજના આંસુ તેને બહુ આકરા લાગ્યા. આંસુનો ભાર પણ હવે તેનાથી જીરવાતો ન હતો. તેનામાં ચીસ પાડવાની પણ હામ રહી નહોતી અને ત્યાં જ મંદિરમાં ઘંટારવ થયો. દરરોજ આરતી સમયે મંદિરમાં દોડી જતી ગાયત્રી માટે આજનો ઘંટારવ હૃદય પર ઝીંકાતા હથોડાના ઘા જેવો લાગ્યો. આજે તેણે ભગવાનને પ્રાર્થના નહિ, પણ ફરિયાદ કરી, પ્રભુ, તારે ત્યાં શંખનાદ, તારે ત્યાં અન્નકુટ, તારે માથે સોનાનો મુગટ, મોંઘા કીમતી વસ્ત્રો, તારે કંઇ જરૂર નહિ તોય તારા ચરણોમાં નાણાંની રેલમછેલ, અને મારે માટે એક ટંક રોટલા માટે ફાંફા? તારા દર્શન કરીને મારે મેળવવાનું શું? તને કયાં દયા આવે છે? ધનવાનોની પરોણાગત કરવામાંથી તને કયાં નવરાશ મળે છે? અને તે દર્દથી કણસતી પથારીમાં જ પડી રહી. કયારે ઊંઘ આવી અને કયારે સવાર પડ્યું ખબર જ ન પડી. સવારે સુર્યોદય વખતે જળ ચઢાવતી ગાયત્રીના મનમાં આજે કંઈક વિચારોનું ધમાસાણ ચાલી રહ્યું હતું. તેણે જળ ન ચઢાવ્યું... સવારની પૂજા પણ ન કરી, અને બસ ઘરમાંથી નીકળી પડી... અર્ધબેભાનવસ્થામાં પોતાના પિયર જતી બસમાં બેસી ગઇ... પિયર આવતાં સીધી મેડિકલ સ્ટોર્સમાં ગઇ, કંઇક ખરીદી કરી, ઘરે આવી મમ્મીને કહ્યું, મમ્મી મારી તબિયત સારી નથી. મને થોડો આરામ કરવા દે... મમ્મીને ધ્રાસકો પડ્યો. પણ બેટા, આમ અચાનક? કંઇ ખેર-ખબર નહિ... બસ, મા પછી શાંતિથી વાતો કરીશું. મા સમસમી ગઇ, પણ તેણે મનને મનાવી લીધું, સારું બેટા, આરામ કર... અને ગાયત્રી પલંગમાં સુઇ ગઇ... બસ સદાને માટે... પછી તો તેણે કયારેય આંખો ખોલી નહિ. બપોર થયા પણ દીકરી ન ઉઠતાં માએ તેને જગાડવા પ્રયત્ન કર્યો તો દીકરીની આંખો ફાટી ગયેલી, મોંમાં ફીણ હતુ... અને મમ્મીના મોઢામાંથી ચીસ નીકળી ગઇ... અરે બેટા, આ તેં શુ કર્યું? ...લોકોના ટોળા ભેગા થયા... સૌ પરિસ્થિતિ પામી ગયા... અને સૌના આશ્ચર્ય વચ્ચે ગાયત્રીની મમ્મી ખડખડાટ હસવા લાગી... મા એ મગજની સમતુલા ગુમાવી દીધી... માતાનું નામ જાનકી હતું પણ આ જાનકીને સમાવવા માટે ધરતી જગા આપવા તૈયાર ન હતી... સૌની આંખો આંસુથી ઉભરાઇ... બિચારીએ બહુ દુઃખ વેઠ્યું.

ઉપર આભ અને નીચે ધરતી વચ્ચે જનમની દુખિયારી ગાયત્રીના અગ્નિસંસ્કાર કરાયા. આવી અત્યંત કરૂણ પરિસ્થિતિમાં ગાયત્રીનો દીકરો ધો.૧૨ કોમર્સની પરીક્ષા આપી રહ્યો હતો. જીંદગીની પરીક્ષા હારી ગયેલો ૧૭ વર્ષના વિદ્યાર્થીની માનસિકતા અને હૃદયની વેદનાનું વર્ણન કોણ કરી શકે? દીકરો દિશાહીન બની ગયો. એક માત્ર સહારો નાનાનો હતો... પણ હજુ કહાનીનો અંત નથી આવતો. ધો.૧૨ કોમર્સ પાસ કર્યા પછી તેણે બી.કોમ. સુધી અભ્યાસ કર્યો. અને ઉંમરલાયક થતાં નાનાએ તેને પરણાવ્યો પણ ખરો, તેને સુખી દાંપત્યજીવનના અરમાન હતા. એક કંપનીમાં પટાવાળાની નોકરી લાગી હતી... પણ નસીબ અટ્ટહાસ્ય કરતું બે ડગલા આગળ હતું... તેની પત્નીએ એક જ મહિનામાં પોત પ્રકાશ્યું.... તે અત્યંત ઝગડાખોર હતી. પોતાનું ધાર્યુ જ કરવાવાળી. ઘરની કે પતિની જરાય પરવા નહિ... યુવાનના બારે વહાણ ડુબી ગયા. આ યુવાન જીંદગીનો સંગ્રામ ખેલતા ખેલતા અધમુઓ બની ગયો છે પણ શું થાય, જીંદગી પૂરી તો કરવી પડશે...?

આ પરિવારની હાલતથી અત્યંત દ્રવિત થઇ ગાંધીનગરના એક બહેને એક પુસ્તક પ્રકાશિત કર્યું છે જેનું ટાઈટલ છે 'નારી' આ પુસ્તકના નિમિત્તે જે કંઇ ફાળો ભેગો થાય તે બધી રકમ તે યુવાનને આર્થિક મદદ કરે છે. આ યુવાન એટલો સ્વમાની છે કે તેને કંઇ મુશ્કેલી હોય ત્યારે કોઈની આગળ હાથ લંબાવતો નથી. સાચે જ દુર્ભાગ્ય કોઇનો પીછો કરે પછી તેનું ધનોતપનોત કાઢી નાખે છે. કર્મના સિદ્ધાંતમાં માનનારા લોકો આ પરિવાર માટે શું કહેશે...?